# ॥ ૨૭ ॥

જિંદગી યોગી ! તારા નામે કરી, (૪)
ઓઢી આકાશી મેં તો, (૩) ચાદર હરિ...
જિંદગી યોગી ! તારા...

પ્રાણવાયુ લઉં જ્યાં શ્વાસોમાં, (૨)
લઉં છું તુજને, (૩) રોમે-રોમ ભરી...
જિંદગી યોગી ! તારા...

ખુલ્લી આંખે જગત દીસે છે છતાં, (૨)
સહુમાં તારી છબી, (૩) ભરી છે નરી...
જિંદગી યોગી ! તારા...

હું ને તું આમ તો છીએ બન્ને, (૨)
હું છું તું, તું છે, (૩) ગુણાતીત હરિ...
જિંદગી યોગી ! તારા...

❁